શનિવાર, 29 નવેમ્બર, 2025 માગશર સુદ નવમી

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ

## મેડિકલ કોલેજોની મંજૂરીમાં મોટું કૌભાંડ: કલોલ સહિત દેશભરમાં EDના દરોડાથી ફફડાટ

દેશના તબીબી શિક્ષણ વ્યવસ્થાને કલંકિત કરતા એક મોટા કૌભાંડ પર કેન્દ્રીય તપાસ એજન્સીઓએ તવાઈ બોલાવી છે. મેડિકલ કોલેજોમાં ચાલતી ગેરરીતિઓને ડામવા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ગુરુવારે સવારથી મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ગુજરાતના ગાંધીનગર જિલ્લાના કલોલની સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ (SIMSR) સહિત આંધ્રપ્રદેશ, દિલ્હી અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં કુલ 15 સ્થળોએ દરોડા પડતા શિક્ષણ માફિયાઓમાં ફફડાટ છે. CBI દ્વારા નોંધાયેલી FIRના આધારે આ તપાસ શરૂ થઈ છે, જેમાં ઘટસ્ફોટ થયો છે કે મેડિકલ કોલેજોના સંચાલકો, આરોગ્ય મંત્રાલય અને નેશનલ મેડિકલ કમિશનના ભ્રષ્ટ અધિકારીઓ સાથે મળીને એક સિન્ડિકેટ ચલાવતા હતા. કોલેજની માન્યતા ટકાવી રાખવા કે નવી મંજૂરી મેળવવા માટે ઈન્સ્પેક્શનની તારીખો અગાઉથી લીક કરી દેવાતી હતી. આટલું જ નહીં, નિયમોનું પાલન દેખાડવા માટે કોલેજોમાં 'પ્રોક્સી ફેકલ્ટી' અને નિરીક્ષણ સમયે 'નકલી દર્દીઓ'ને પથારીમાં સુવડાવી દેવાનું કારસ્તાન પણ આચરવામાં આવતું હતું. EDએ દરોડા દરમિયાન મોબાઈલ, સર્વર ડેટા અને મહત્વના દસ્તાવેજો જપ્ત કર્યા છે. પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાની લાંચની હેરફેર થઈ હોવાનું મનાય છે. હાલ ભલે અધિકારીઓ મૌન છે, પરંતુ આ રેકેટમાં અનેક મોટા માથાઓ જેલના સળિયા પાછળ ધકેલાય તેવી પ્રબળ શક્યતા.



## બનાસકાંઠા: રાજસ્થાનથી રિક્ષામાં ઘુસાડાતું લાખોનું ડ્રગ્સ ઝડપાયું

ગુજરાતની સરહદો પરથી નશાનો સામાન ઘુસાડવાના વધુ એક કારસાનો પર્દાફાશ થયો છે. બનાસકાંઠાના ધાનેરાની નેનાવા બોર્ડર પરથી પોલીસે ઓટોરિક્ષામાં ડ્રગ્સની હેરાફેરી કરતા ત્રણ શખ્સોને દબોચી લીધા છે. રાજસ્થાન તરફથી આવી રહેલી એક શંકાસ્પદ રિક્ષાની તલાશી લેતા તેમાંથી 1.41 લાખની કિંમતનું 47.100 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ મળી આવ્યું હતું.


ઝડપાયેલા આરોપીઓમાં અમદાવાદના જુહાપુરા અને સરખેજના ત્રણ યુવાનોનો સમાવેશ થાય છે. ફૈસલ મેમણ, શાહરૂખ મિર્ઝા અને ફૈઝાન શેખ નામના આ શખ્સો રાજસ્થાનથી ડ્રગ્સનો જથ્થો લઈને ગુજરાતમાં ઘુસાડવાની ફિરાકમાં હતા. પોલીસે રિક્ષા અને મોબાઈલ સહિત કુલ સાડા ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત કરી નશાના આ નેટવર્ક સામે લાલ આંખ કરી છે. ગુજરાતના યુવાધનને બરબાદ કરતું આ ડ્રગ્સ કોને પહોંચાડવાનું હતું તે દિશામાં હવે તપાસ તેજ કરાઈ છે.

## વડોદરા: લગ્નની વિધિના બહાને ભૂવાએ મકાનમાલિકને છેતર્યો

વડોદરાના વારસિયા વિસ્તારમાં અંધશ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવી છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હરણી રોડ પર મકાનમાલિકના લગ્ન ન થતા હોવાની નબળી કડી પકડીને, ત્યાં ભાડુઆત તરીકે રહેતા ઘનશ્યામ મહારાજ નામના ભૂવાએ લાખોનો ચૂનો ચોપડ્યો છે.

'તમારા ગ્રહો નડે છે' તેમ કહીને આ ગઠિયાએ વિધિના બહાને સોનાના દાગીના પડાવી લીધા હતા. એટલું જ નહીં, મકાનમાલિકના ક્રેડિટ કાર્ડ પર 81 હજારનું ફ્રીજ અને એસી ખરીદીને તે રફુચક્કર થઈ ગયો હતો. જોકે, પોલીસે આ રીઢા ગુનેગારને ઝડપી પાડ્યો છે, જેની સામે અમદાવાદમાં પણ ગુના નોંધાયેલા છે. આ ઘટના મકાન ભાડે આપતા પહેલા ભાડૂઆતના પોલીસ વેરિફિકેશનની ગંભીરતા લાલબત્તી સમાન સૂચવે છે.

## આણંદમાં પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી અને મંદિર રજત મહોત્સવ



આણંદના અક્ષરફાર્મ ખાતે પ્રમુખસ્વામી મહારાજનો 104મો જન્મજયંતી મહોત્સવ અને બી.એ.પી.એસ. મંદિરનો રજત જયંતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ દિવ્ય કાર્યક્રમમાં દેશ-વિદેશમાંથી 15 હજારથી વધુ હરિભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.આ પ્રસંગે સદગુરુ ત્યાગવલ્લભ સ્વામી સહિતના વરિષ્ઠ સંતો અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુવાનો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક નૃત્યો અને સંતોના પ્રવચનોએ વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. મંદિરના 25 વર્ષ પૂર્ણ થતા આયોજિત આ મહોત્સવમાં હજારો ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો

## ભાવનગર: સિક્કાથી જુગાર રમતા છ ઝડપાયા

ભાવનગર શહેરમાં જાહેરમાં ચાલતી જુગારની પ્રવૃત્તિ પર પોલીસે દરોડો પાડ્યો છે. મોટા રેલવે સ્ટેશન સામે યાત્રી ગેસ્ટ હાઉસ નજીક ખુલ્લી જગ્યામાં સિક્કા ઉછાળીને હારજીતનો જુગાર રમતા છ શખ્સોને એલસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા છે. જાહેરમાં સિક્કા ઉછાળીને નસીબ અજમાવતા વિશાલ ગોહેલ, અફઝલ શેખ, કૃપાલ વિસાણી સહિતના છ જુગારીઓ પાસેથી પોલીસે રોકડ રૂ. 15,450 અને જુગારના સાહિત્ય સહિત કુલ રૂ. 15,454નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ તમામ સામે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાંતા: જંગલમાં શિયાળનો શિકાર કરનાર મદારી ઝડપાયો



બનાસકાંઠાના દાંતા પંથકના જંગલોમાં વન્યજીવોના અસ્તિત્વ સામે માનવસર્જિત ખતરો ઉભો થયો છે. વન વિભાગની સતર્કતાને કારણે વન્યપ્રાણીનો શિકાર કરવાનો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દાંતા પૂર્વ રેન્જના જંગલ વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન વનકર્મીઓએ શિયાળનો શિકાર કરી જતાં એક શખ્સને મૃતદેહ સાથે રંગેહાથ ઝડપી લીધો છે.

ઘટના વેકરી બીટના જંગલ વિસ્તારમાં બની હતી. વન વિભાગની ટીમ જ્યારે જંગલ ફેરણા કરી રહી હતી ત્યારે ત્રણ શંકાસ્પદ ઈસમો નજરે ચઢ્યા હતા. તેમની હિલચાલ શંકાસ્પદ જણાતા તેમની પાસે રહેલા પ્લાસ્ટિકના કટ્ટાની તલાશી લેવામાં આવી હતી. કટ્ટામાંથી નિર્દોષ શિયાળનો મૃતદેહ મળી આવતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. આ ગંભીર ગુના સબબ સાબરકાંઠાના વડાલીના પરદેશભાઈ બાબુનાથ ભાટી નામના મદારી શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, 1972ની કડક કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને દાંતા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. વન વિભાગ હવે એ તપાસ કરી રહ્યું છે કે આ શિકાર પાછળ કોઈ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે કે કેમ અને અગાઉ અન્ય કેટલા વન્યજીવોનો ભોગ લેવાયો છે.

## દાંતા હાઈવે પર હોટલમાંથી લાખોનો ગાંજો ઝડપાયો

બનાસકાંઠાના યાત્રાધામ અંબાજી જવાના મુખ્ય માર્ગ પર નશાના કારોબારનો પર્દાફાશ થયો છે. દાંતા હાઈવે પર આવેલી એક હોટલમાંથી એસઓજીએ દરોડો પાડીને ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ઘટનાની વિગત મુજબ, દાંતા કોર્ટ સંકુલ નજીક આવેલી 'શ્રી અંબે દર્શન હોટલ'માં સ્ટાફ તરીકે કામ કરતા પ્રવિણભાઈ મકવાણાની રૂમમાં નશીલા પદાર્થનો સંગ્રહ કરાયો હતો. તપાસ દરમિયાન અહીંથી 1 કિલો 970 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. હોટલની આડમાં ચાલતા આ ગોરખધંધાએ સ્થાનિકોને ચોંકાવી દીધા છે. પોલીસે 98,500ની કિંમતનો ગાંજો અને અન્ય સામાન મળી કુલ 1.03 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ જથ્થો ક્યાંથી આવ્યો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.



## આણંદ: ગટર પ્રશ્ને મહિલાઓએ બંગડીઓ ફેંકી



આણંદના પાધરિયા વિસ્તારમાં ગટર ઉભરાવાની સાત વર્ષ જૂની સમસ્યાથી ત્રસ્ત મહિલાઓએ મનપા કચેરી ગજવી મૂકી હતી. સામાજિક કાર્યકર હર્ષિલ દવેની આગેવાનીમાં રણચંડી બનેલી મહિલાઓએ ગંદા પાણીની બોટલો સાથે કચેરીમાં ધસી જઈ નાયબ કમિશનર પર બંગડીઓ ફેંકી ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

ચાર દાયકા જૂની અને ઓછી ક્ષમતાવાળી ગટર લાઈનોને કારણે 1500 મકાનોના રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પાદરા: દંપતીને બાનમાં લઈ લૂંટ ચલાવનાર ચાર લૂંટારુ ઝડપાયા

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના પાટોદ ગામે આવેલા ફાર્મ હાઉસમાં સર્જાયેલી લૂંટની ચકચારી ઘટનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. ગત 22મી નવેમ્બરે રાત્રિના અંધકારમાં ફિલ્મી ઢબે ત્રાટકેલા બુકાનીધારી લૂંટારુઓએ મગનભાઈ અને તેમના વૃદ્ધ માતા-પિતાને હથિયારોની અણીએ બાનમાં લીધા હતા. હિન્દી ભાષી આ ટોળકીએ પરિવારને ભયમાં મૂકી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ 83 હજારની મત્તાની લૂંટ ચલાવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરતા આ ગુનાના તાર દાહોદ અને મધ્યપ્રદેશ સુધી પહોંચ્યા હતા. પોલીસે વોચ ગોઠવીને વડોદરા અને દાહોદથી ઇલીપ કળમી, ભારતસિંહ ડામોર, ભાવેશ ડામોર અને નિતેશ પરમાર નામના ચાર શખ્સોને દબોચી લીધા છે. પકડાયેલા લૂંટારુઓ રીઢા ગુનેગાર હોવાની શક્યતા છે, જ્યારે ફરાર પાંચમા સાગરીતની શોધખોળ તેજ કરવામાં આવી છે.

## વડોદરા: સમારકામ બાદ હજારો લીટર પાણીનો વેડફાટ

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં વહીવટી તંત્રનો એક વિચિત્ર વિરોધાભાસ સામે આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી જે વિસ્તારના નાગરિકો પીવાના પાણી માટે ટળવળી રહ્યા હતા, ત્યાં જ આજે લાખો ગેલન શુદ્ધ પાણી ગટરમાં વહી જતું જોઈને લોકોમાં પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે. આજવા રોડ પર આવેલી સરદાર એસ્ટેટ પાણીની ટાંકી પાસે ફરી એકવાર લાઈનમાં ભંગાણ સર્જાતા રસ્તાઓ પર પાણીની રેલમછેલ જોવા મળી હતી.

નોંધનીય છે કે, હજુ ગઈકાલે જ પાણી પુરવઠા વિભાગે અહીં નવી લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કર્યાનો દાવો કર્યો હતો. પરંતુ ગણતરીના કલાકોમાં જ કોન્ટ્રાક્ટરની નબળી કામગીરીની પોલ ખૂલી ગઈ છે. સામાજિક કાર્યકર કમલેશ પરમારે સ્થળ પર જઈને આક્ષેપ કર્યો હતો કે, એક તરફ પાણીનો વેડફાટ થાય છે અને બીજી તરફ ટેન્કરો દ્વારા પાણી પહોંચાડાય છે, જે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચેની કોઈ 'સાંઠગાંઠ' તરફ ઈશારો કરે છે. વારંવાર એક જ જગ્યાએ લીકેજની ઘટનાઓથી કરોડોના ખર્ચે નંખાતી લાઈનોની ગુણવત્તા સામે સવાલો ઉભા થયા છે. આ મામલે મ્યુનિસિપલ કમિશનર રાજાબાબુ તાત્કાલિક જાત તપાસ કરે અને જવાબદાર કોન્ટ્રાક્ટર તેમજ અધિકારીઓને સસ્પેન્ડ કરે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.



## સરદાર એકતા યાત્રા વડોદરામાં: સિંધરોટ ખાતે માંડવિયાનું ભવ્ય સન્માન

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીના પર્વે કરમસદથી શરૂ થયેલી 'રાષ્ટ્રીય એકતા પદયાત્રા' આજે તેના ત્રીજા પડાવે વડોદરા જિલ્લામાં પ્રવેશી ચૂકી છે. આંકલાવથી નીકળીને યાત્રા જ્યારે મહીસાગર કાંઠે સિંધરોટ ખાતે પહોંચી, ત્યારે ત્યાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને અજય ટામટાનું સ્થાનિક નેતાઓ, મહિલાઓ અને વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં યોજાયેલી 'સરદાર સભા'માં છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવાએ મનસુખ માંડવિયાને આદિવાસી પરંપરા મુજબ તીરકામઠું અર્પણ કરી અનોખું સન્માન કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ જનમેદનીને સંબોધતા કહ્યું હતું કે, 562 રજવાડાં એક કરનાર સરદાર સાહેબની સ્મૃતિમાં નીકળેલી આ યાત્રાનો હેતુ 'શ્રેષ્ઠ અને આત્મનિર્ભર ભારત'ના નિર્માણનો છે. 152 કિલોમીટર લાંબી આ ઐતિહાસિક પદયાત્રા હવે વડોદરા શહેરના સેવાસી થઈને કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી પહોંચશે.

## હરણી દુર્ઘટના: વીમા કંપનીને હાઈકોર્ટની નોટિસ



વડોદરાના હરણી તળાવ દુર્ઘટનાના કેસમાં ગુજરાત હાઈકોર્ટમાં વળતર મુદ્દે મહત્વની સુનાવણી હાથ ધરાઈ હતી. મુખ્ય કોન્ટ્રાક્ટર કોટિયા પ્રોજેક્ટ્સે વળતરની જવાબદારી વહેંચવા અન્ય ભાગીદારો અને વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવા માગ કરી હતી. જોકે, VMCએ સોગંદનામામાં સ્પષ્ટ કર્યું છે કે કોટિયાને સબ-કોન્ટ્રાક્ટ આપવાની કોઈ સત્તાવાર મંજૂરી અપાઈ ન હતી.

આ સાંભળી હાઈકોર્ટે કોટિયાનો ઉધડો લેતા વેધક સવાલ કર્યો હતો કે, જ્યારે સબ-કોન્ટ્રાક્ટ રજિસ્ટર્ડ નથી કે કોર્પોરેશને મંજૂર નથી કર્યા, તો વળતર માટે ત્રાહિત પક્ષને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય? કોર્ટે કોટિયાની દલીલો સામે લાલ આંખ કરતા હાલ પૂરતી વીમા કંપનીને નોટિસ ફટકારી છે. આ મામલે વધુ સુનાવણી 16 જાન્યુઆરીએ યોજાશે.

## MSUમાં રશિયન ભાષા શીખવવા મોસ્કોથી બે શિક્ષિકાઓ

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં રશિયન ભાષા અને સંસ્કૃતિના પ્રચાર માટે એક મહત્વપૂર્ણ શૈક્ષણિક પહેલ હાથ ધરાઈ છે. આર્ટ્સ ફેકલ્ટીના રશિયન સ્ટડીઝ વિભાગમાં મોસ્કોથી ખાસ બે નિષ્ણાત શિક્ષિકાઓ, એકટેરીના ઇઝુટોવા અને ડારિયા મોઝગોવાયા પધાર્યા છે.

આગામી એક મહિના સુધી તેઓ 150 વિદ્યાર્થીઓને રશિયન સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન આપશે. વિભાગમાં છેલ્લા પાંચ વર્ષથી અધ્યાપકોની અછત છે ત્યારે, આ આંતરરાષ્ટ્રીય માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનશે. આ પહેલ ભારત-રશિયા વચ્ચેના શૈક્ષણિક સંબંધોને મજબૂત બનાવશે.



## ભાવનગર: મિત્રની હત્યા કરનાર ચારેય શખ્સોનું રિ-કન્સ્ટ્રક્શન

ભાવનગરના કરચલીયાપરા વિસ્તારમાં પૈસાની લેતીદેતીના સામાન્ય ઝઘડામાં યુવકની ઘાતકી હત્યા કરનાર તેના જ મિત્રોને પોલીસે ઘટનાસ્થળે ફેરવ્યા છે. મોહિત ટેભાણી નામના શ્રમજીવી યુવકની હત્યાના ગુનામાં ઝડપાયેલા ચારેય આરોપીઓનું પોલીસે જાહેર રસ્તા પર રિ-કન્સ્ટ્રક્શન કરતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.



ઘટનાની વિગત મુજબ, બે દિવસ પૂર્વે રાત્રિના સમયે મેલડી માતાના મંદિર પાસે પૈસાની બાબતમાં બોલાચાલી થતા કાનજી બારૈયા, કિશન, રામ અને આર્યન નામના ચાર શખ્સોએ પોતાના જ મિત્ર મોહિત પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. મિત્રતાને લાંછન લગાડતી આ ઘટના બાદ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને દબોચી લીધા હતા. કાયદાનો ડર બેસાડવા અને તપાસના ભાગરૂપે પોલીસે આજે મુખ્ય આરોપી બાદ અન્ય ત્રણ આરોપીઓને પણ ઘટનાસ્થળે લાવી ગુનાનું પુનરાવર્તન (રિ-કન્સ્ટ્રક્શન) કરાવ્યું હતું. આ સમયે આરોપીઓને જોવા વિસ્તારમાં કુતૂહલ સર્જાયું હતું.

## ગેંગવોરની આશંકામાં વારસિયામાં વાહનો સળગાવાયા

વડોદરાના વારસિયા વિસ્તારમાં મધરાતે બનેલી આગચંપીની ઘટનાએ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવી દીધો છે. ગત મોડી રાત્રે અસામાજિક તત્વોએ સાઈબાબા નગરના ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલી એક 'થાર' કારને નિશાન બનાવી આગ ચાંપી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની ઝપેટમાં બાજુમાં પાર્ક કરેલી 'વેન્યુ' અને 'ટ્રાઈબર' કાર પણ આવી જતાં ત્રણેય ગાડીઓ બળીને ખાખ થઈ ગઈ હતી.

આટલેથી ન અટકતા, તોફાની તત્વોએ અંજલિ સોસાયટીમાં પાર્ક કરેલી એક ઓટો રિક્ષાને પણ પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. રિક્ષા ચાલક નંદલાલભાઈના જણાવ્યા મુજબ, રાત્રે ૧:૩૫ વાગ્યે પાડોશીએ ફોન કરી જાણ કરી ત્યારે તેઓ જાગ્યા હતા અને ઘટનાસ્થળેથી પેટ્રોલની બોટલ પણ મળી આવી હતી. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના શહેરના કુખ્યાત બુટલેગરો અલ્પુ સિંધી અને હેરી લુધવાણી વચ્ચેની જૂની અદાવત અને ગેંગવોરનું પરિણામ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સાત મહિના પહેલા થયેલી માથાકૂટનો બદલો લેવા આ કૃત્ય કરાયું હોવાની શંકા છે. હાલ વારસિયા અને સિટી પોલીસે સંયુક્ત રીતે આ મામલે તપાસ હાથ ધરી છે. રહેણાંક વિસ્તારમાં વાહનો સળગાવવાની આ ઘટનાથી લોકોમાં ભયનો માહોલ છે.



## એકતરફી પ્રેમમાં યુવકે હોસ્પિટલમાં જઈ અગ્નિસ્નાન કર્યું

અમદાવાદના સરખેજમાં એકતરફી પ્રેમના પાગલપને ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ફતેવાડીમાં રહેતા કામરાન નામના યુવકે એકતરફી પ્રેમમાં અંધ થઈને યુવતીના કાર્યસ્થળ એવી હોસ્પિટલમાં જઈને શરીર પર પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું.આગની લપેટમાં આવેલો યુવક સળગતી હાલતમાં જ પહેલા માળેથી નીચે પટકાયો હતો, જેના રૂંવાડા બેઠા કરી દેતા દ્રશ્યો સામે આવ્યા હતા. ગંભીર રીતે દાઝી ગયેલા યુવકનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે આ ઘટનામાં યુવતીને પણ ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ છે. જાહેરમાં બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાવી દીધી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સત્તાના ગલિયારામાં: નેતાઓ કરતા શિક્ષિત અધિકારીઓનો દબદબો

ગાંધીનગરના રાજકીય ગલિયારામાં હાલ વહીવટી અધિકારીઓની તાકાત અને શિક્ષણના પ્રભાવનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. સામાન્ય રીતે લોકશાહીમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સર્વોપરી ગણાય છે, પરંતુ ગુજરાતમાં નેશનલ હાઈવેની દુર્દશા અને ટ્રાફિક સમસ્યા વચ્ચે પણ ઉચ્ચ અધિકારીઓનો અદ્રશ્ય દબદબો અકબંધ રહ્યો છે.

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રી વચ્ચે યોજાયેલી બેઠકમાં જે રીતે વહીવટી તંત્રએ સ્થિતિ સંભાળી, તે બ્યુરોક્રેસીની મજબૂત પકડ સાબિત કરે છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ ઘટનાક્રમ સૂચવે છે કે શિક્ષણ અને વહીવટી કુશળતા અધિકારીઓને એવી સત્તા આપે છે, જેની આગળ ઘણીવાર દિગ્ગજ નેતાઓ પણ નિર્ભર બની જાય છે. સચિવાલયમાં ચર્ચા છે કે સત્તા ભલે નેતાઓની હોય, પરંતુ સિસ્ટમ પરની સાચી પકડ તો અંતે શિક્ષિત અધિકારીઓની જ રહે છે.

## સંતરામપુર: AAPની જનસભામાં 15 હજાર લોકો ઉમટ્યા

મહીસાગર જિલ્લાના સંતરામપુરમાં આમ આદમી પાર્ટીએ 'ગુજરાત જોડો જનસભા' યોજીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. પ્રતાપપુરા મેદાનમાં ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ચૈતર વસાવાને સાંભળવા 15 હજારથી વધુની જનમેદની ઉમટી પડતા આ સભા શક્તિપ્રદર્શન સમાન બની રહી હતી. સૌથી મહત્વની ઘટના એ રહી કે, મહીસાગર અને દાહોદ પંથકના 1000થી વધુ લોકોએ ચૈતર વસાવાના હસ્તે 'આપ'નો ખેસ ધારણ કરી પક્ષમાં વિધિવત પ્રવેશ કર્યો હતો. સભા ગજવતા વસાવાએ ખેડૂતોના પ્રશ્નો અને પ્રજાની સમસ્યાઓ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આગામી સ્થાનિક સ્વરાજ્ય અને વિધાનસભાની ચૂંટણીમાં સત્તા પરિવર્તન લાવવા માટે જનતાને હાકલ કરી હતી.



## ગાંધીનગર: નેતાઓ કરતા શિક્ષિત અધિકારીઓનો દબદબો વધુ



ગાંધીનગરના રાજકીય ગલિયારામાં હાલ વહીવટી અધિકારીઓની તાકાત અને શિક્ષણના પ્રભાવનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. સામાન્ય રીતે લોકશાહીમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સર્વોપરી ગણાય છે, પરંતુ ગુજરાતમાં નેશનલ હાઈવેની દુર્દશા અને ટ્રાફિક સમસ્યા વચ્ચે પણ ઉચ્ચ અધિકારીઓનો અદ્રશ્ય દબદબો અકબંધ રહ્યો છે. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રી વચ્ચે યોજાયેલી બેઠકમાં જે રીતે વહીવટી તંત્રએ સ્થિતિ સંભાળી, તે બ્યુરોક્રેસીની મજબૂત પકડ સાબિત કરે છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ ઘટનાક્રમ સૂચવે છે કે શિક્ષણ અને વહીવટી કુશળતા અધિકારીઓને એવી સત્તા આપે છે, જેની આગળ ઘણીવાર દિગ્ગજ નેતાઓ પણ નિર્ભર બની જાય છે. સચિવાલયમાં ચર્ચા છે કે સત્તા ભલે નેતાઓની હોય, પરંતુ સિસ્ટમ પરની સાચી પકડ તો અંતે શિક્ષિત અધિકારીઓની જ રહે છે.

## અમદાવાદ: ભદ્રમાંથી પાથરણાંવાળા હટાવાયા, હવે બેસવા પર પ્રતિબંધ

અમદાવાદના હાર્દસમા ઐતિહાસિક ભદ્ર પ્લાઝા અને નગરદેવી ભદ્રકાળી મંદિર પરિસરને આખરે દબાણમુક્ત કરવા માટે તંત્રએ કમર કસી છે. ગુજરાત હાઈકોર્ટના આદેશનું ચુસ્ત પાલન કરતા મ્યુનિસિપલ કોર્પોરેશને અહીં વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા 844 જેટલા પાથરણાંવાળાઓને હટાવી દીધા છે, જેનાથી હવે ભદ્ર વિસ્તાર મોકળો બન્યો છે.

તંત્ર દ્વારા આ માન્ય ફેરિયાઓના પુનર્વસન માટે ઢાલગરવાડ અને પાનકોર નાકા પાસેના પાર્કિંગ પ્લોટમાં વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દરેક ફેરિયાને ધંધો કરવા માટે નિયત માપની જગ્યા ફાળવવામાં આવી છે. જોકે, નવાઈની વાત એ છે કે દિવાળી પહેલાથી આ પ્લોટ ફાળવી દેવાયા હોવા છતાં, પાથરણાંવાળાઓ ત્યાં જવા તૈયાર નથી. પરિણામે, કોર્પોરેશને ફાળવેલા બંને પ્લોટ હાલ ખાલીખમ પડ્યા છે અને ફેરિયાઓ જૂની જગ્યાએ જ બેસવાનો આગ્રહ રાખી રહ્યા છે.

આ સ્થિતિને ધ્યાને લઈ AMCએ હવે આકરું




વલણ અપનાવ્યું છે. ભદ્ર પરિસરમાં પાંચથી વધુ જગ્યાએ 'નો હોકિંગ ઝોન'ના જાહેર સૂચના બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે સ્પષ્ટ કર્યું છે કે હવે ભદ્ર મંદિરથી ત્રણ દરવાજા સુધીના રોડ પર કોઈપણ ફેરિયાને બેસવા દેવાશે નહીં. જો કોઈ નિયમ તોડશે તો એસ્ટેટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. તંત્રના આ નિર્ણયથી ટ્રાફિક સમસ્યા હળવી થશે અને દર્શનાર્થીઓને મોટી રાહત મળશે.

## વડોદરા ગ્રામ્યમાં દારૂની રેલમછેલ: બુટલેગરો અને પીધેલાઓ પર તવાઈ

વડોદરા જિલ્લામાં દારૂની બદી ડામવા માટે ગ્રામ્ય પોલીસે ઝુંબેશ ઉપાડી છે. ચાણોદ, ડભોઈ અને વાઘોડિયા સહિતના વિસ્તારોમાં પોલીસે સપાટો બોલાવતા વિદેશી દારૂની હેરાફેરીથી લઈને દેશી દારૂના વેચાણ સુધીના 14 જેટલા કેસો નોંધ્યા છે.

સૌથી મોટી કાર્યવાહી ચાણોદ અને ડભોઈ પંથકમાં થઈ છે. ચાણોદના ફૂલવાડી પાસે પોલીસને જોઈને એક બુટલેગર દારૂ ભરેલી રિક્ષા મૂકીને ફરાર થઈ ગયો હતો, જેમાં તપાસ કરતા 96 વિદેશી દારૂના ક્વાર્ટર મળી આવ્યા હતા. જ્યારે ડભોઈના કરનેટ પાસે એક્ટિવા પર 'બિયર પાર્ટી' કરવા જતાં હોય તેમ 48 બિયરના ટીન સાથે મુકેશ ભીલ અને સાર્થક પરમાર પોલીસની ઝપટે ચડી ગયા હતા.

બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂના વેચાણમાં મહિલાઓ પણ સક્રિય હોવાનું સામે આવ્યું છે. વાઘોડિયાના ગુતાલ, ડભોઈના ભાયાપુરા, સાવલીના આદલવાડા અને વડુમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં મધુબેન, શંકુબેન, સુમિત્રાબેન અને જશોદાબેન સહિત કુલ સાત મહિલાઓ પોતાના ઘરેથી દેશી દારૂનું વેચાણ કરતી રંગેહાથ ઝડપાઈ છે. આ ઉપરાંત વરણામા, મંજુસર અને વાઘોડિયામાં નશો કરીને ફરતા પાંચ શખ્સોને પણ પોલીસે લોકઅપ હવાલે કર્યા છે.




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## આધાર કાર્ડમાં મોબાઈલ નંબર હવે ઘરે બેઠા બદલાશે

આધાર કાર્ડ ધારકો માટે મોટા અને રાહતના સમાચાર છે. હવે આધારમાં મોબાઈલ નંબર અપડેટ કરવા માટે લાંબી કતારોમાં ઉભા રહેવાની કે સેન્ટરના ધક્કા ખાવાની જરૂર નથી. UIDAIએ નવી ડિજિટલ સેવા શરૂ કરી છે, જેના દ્વારા યુઝર્સ ઘરે બેઠા માત્ર આધાર એપ અને ફેસ ઓથેન્ટિકેશનથી નંબર બદલી શકશે.

આ પ્રક્રિયા માટે કોઈ દસ્તાવેજની જરૂર નથી. માત્ર 50 રૂપિયાની ફી ચૂકવીને સ્માર્ટફોન દ્વારા મિનિટોમાં કામ થઈ જશે. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો અને સિનિયર સિટીઝન્સ માટે આ સુવિધા આશીર્વાદરૂપ સાબિત થશે.

## ખેડૂતો માટે રાહત: પાક નુકસાન સહાય અરજી મુદત લંબાવાઈ

ગુજરાતના ખેડૂતો માટે રાજ્ય સરકારે એક મહત્વનો અને રાહતદાયક નિર્ણય લીધો છે. રાજ્યના ઈતિહાસના સૌથી મોટા 10 હજાર કરોડના કૃષિ રાહત પેકેજમાં ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદામાં 7 દિવસનો વધારો કરવામાં આવ્યો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરી છે કે, હવે નુકસાનગ્રસ્ત ખેડૂતો આગામી 5 ડિસેમ્બર સુધી પોર્ટલ પર અરજી કરી શકશે. કોઈ પણ ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે, આ પેકેજ અંતર્ગત ખેડૂતોને પ્રતિ હેક્ટર 22,000 રૂપિયાની સહાય ચૂકવવામાં આવી રહી છે.

## અમદાવાદ: એલ.ડી. હોસ્ટેલમાં J&Kના વિદ્યાર્થીઓ પર ટોળાનો હુમલો

અમદાવાદની પ્રતિષ્ઠિત એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં શિક્ષણના ધામમાં હિંસાનો બનાવ સામે આવ્યો છે. હોસ્ટેલમાં મોઢે રૂમાલ બાંધીને આવેલા 40 જેટલા લોકોના ટોળાએ જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓ પર હુમલો કરતા ચકચાર મચી છે. વોટ્સએપ ગ્રુપમાં મેસેજ બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. વિદ્યાર્થી સંદીપ રાણાનો આક્ષેપ છે કે ABVP સાથે સંકળાયેલા લોકોએ આ હુમલો કર્યો છે, જેમાં તેના રૂમમેટ વિનય અને હર્ષને માર મારવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ છે, જ્યારે આ ઘટનાને પગલે કેમ્પસમાં વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

## પાદરાના વડુમાં ગંદકીનું સામ્રાજ્ય: ગ્રામજનો ત્રાહિમામ

પાદરા તાલુકાનું વડુ ગામ હાલ વહીવટી તંત્રની ઘોર બેદરકારીને કારણે ગંદકીના ભરડામાં સપડાયું છે. ગામમાં સ્વચ્છતા જાળવવા અને કચરાના નિકાલ માટે ફાળવવામાં આવેલી કચરાની ગાડી છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં ધૂળ ખાઈ રહી છે, જેના પરિણામે સમગ્ર ગામ ઉકરડામાં ફેરવાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. આ દુર્ગંધ મારતી સ્થિતિને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ગામના મુખ્ય વિસ્તારો, વિવિધ ફાડા અને ગલીઓમાં જ્યાં નજર કરો ત્યાં કચરાના ગંજ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવાની વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે, જેના કારણે રહીશો જાહેર માર્ગો પર કચરો ફેંકવા મજબૂર બન્યા છે. ઠેર-ઠેર જામેલા કચરાના ઢગલામાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવી રહી છે, જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઊભી થઈ છે. એક તરફ સરકાર 'સ્વચ્છ ભારત'ના બણગા ફૂંકી રહી છે, ત્યારે વડુમાં પંચાયતની ઉદાસીનતાને કારણે લોકો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર છે. ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે યુદ્ધના ધોરણે બંધ પડેલી કચરા ગાડી શરૂ કરવામાં આવે અને ગામને આ ગંદકીમાંથી મુક્ત કરવામાં આવે.



## સેવાસી: બેફામ રિક્ષા હંકારતા ચાલક સામે પોલીસ ફરિયાદ

વડોદરાના સેવાસી વિસ્તારમાં ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાવતા વાહનચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. સેવાસી પોલીસ ચોકી પાસેથી પસાર થતી વખતે મુસાફરો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાય તે રીતે બેફામ ઓટોરિક્ષા હંકારતા એક ચાલકને પોલીસે ઝડપી પાડ્યો છે.

આણંદના આસરમા ગામનો રહેવાસી વિનયભાઈ પઢિયાર પોતાની બજાજ સીએનજી રિક્ષા (GJ-06-AU-9528) પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રહ્યો હતો. રસ્તા પરની ભીડભાડની પરવા કર્યા વગર સ્ટંટ કરતા હોય તેમ રિક્ષા ચલાવતા પોલીસે તેને અટકાવ્યો હતો. જાહેર માર્ગ પર માનવ જિંદગી જોખમાય તેવું કૃત્ય કરવા બદલ વડોદરા તાલુકા પોલીસે રિક્ષાચાલક વિનય સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા ગ્રામ્ય: ટ્રાફિક અને મજૂર નિયમભંગ બદલ પોલીસની તવાઈ




વડોદરા ગ્રામ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે હવે ટ્રાફિક નિયમન અને આંતરિક સુરક્ષા એમ બંને મોરચે કડક વલણ અપનાવ્યું છે. જિલ્લાના શિનોર, કરજણ, મંજુસર અને વાઘોડિયા પંથકમાં પોલીસે સપાટો બોલાવતા એક જ દિવસમાં અનેક ગુનાઓ નોંધ્યા છે.

પ્રથમ કાર્યવાહીમાં, જાહેર માર્ગો પર અડચણરૂપ વાહનો પાર્ક કરતા ચાલકો ઝપટે ચડ્યા છે. શિનોરના માલસર બ્રિજ અને કેનાલ રોડ પર, કરજણના ભરચક બજારમાં અને મંજુસરની દુમાડ ચોકડી જેવી વ્યસ્ત જગ્યાએ વાહનો પાર્ક કરી ટ્રાફિક જામ કરતા 13 જેટલા વાહનચાલકો સામે ગુના નોંધાયા છે. જેમાં ટ્રક, ડમ્પર અને રિક્ષાચાલકોનો સમાવેશ થાય છે જેઓ રાહદારીઓના જીવ જોખમમાં મૂકતા હતા. બીજી મહત્વની કાર્યવાહી વાઘોડિયા પંથકમાં થઈ છે. અહીં સુરક્ષાના ભાગરૂપે બહારગામથી આવતા મજૂરોની નોંધણી ફરજિયાત હોવા છતાં, નિયમો ઘોળીને પી જનાર કોન્ટ્રાક્ટરો સામે પોલીસે લાલ આંખ કરી છે. કમલાપુરા, નિમેટા અને જેસીંગપુરાની કન્સ્ટ્રક્શન સાઈટો પર શ્રમિકોના બાયોડેટા કે પોલીસ રજિસ્ટ્રેશન વગર કામે રાખનાર 6 કોન્ટ્રાક્ટરો સામે કલેક્ટરના જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસની આ આકરી કાર્યવાહીથી ટ્રાફિક નિયમો તોડતા ચાલકો અને બેપરવાહ કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ ફેલાયો છે.

## વડોદરા ગ્રામ્ય: નબીરાઓ અને જુગારીઓ પર પોલીસની તવાઈ

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસે હવે દારૂડિયાઓ અને જુગારીઓ સામે લાલ આંખ કરી છે. વરણામા અને મંજુસર પંથકમાં પોલીસે વાહન ચેકિંગ દરમિયાન સપાટો બોલાવતા 'ડ્રિંક એન્ડ ડ્રાઈવ'ના કેસો નોંધ્યા છે. જેમાં પોર ઓવરબ્રિજ પાસે એક ઈસમ લાયસન્સ વગર અને નશાની હાલતમાં બાઈક હંકારતો ઝડપાયો હતો, જ્યારે સિસ્વા ગામ પાસેથી અન્ય ત્રણ શખ્સો પણ પીધેલી હાલતમાં પોલીસની ઝપટે ચડી ગયા હતા. બીજી તરફ, ડભોઈ પંથકમાં જુગારની બદી ડામવા પોલીસે અલગ-અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. સુંદરકુવા, નવાપુરા અને બહેરામપુરા વિસ્તારમાં જાહેરમાં આંકફરક અને વરલી મટકાનો જુગાર રમતા ત્રણ ખેલીઓ રંગેહાથ ઝડપાઈ ગયા છે. આમ, નશાખોરી અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરતા કુલ સાત શખ્સો સામે ગુના નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરામાં બે દિવસ રસ્તા બંધ, વાહનચાલકો માટે નવી વ્યવસ્થા

વડોદરા શહેરમાં સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે યોજાનારી 'યુનિટી માર્ચ પદયાત્રા'ને પગલે આગામી બે દિવસ એટલે કે 29 અને 30 નવેમ્બરે ટ્રાફિક વ્યવહારમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડીને વાહનચાલકોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. આવતીકાલે 29મીએ સવારે શેરખીથી શરૂ થઈ ગોત્રી, હરીનગર, સનફાર્મા રોડ, અટલાદરા અને અકોટા બ્રિજ થઈને નવલખી ગ્રાઉન્ડ સુધીનો રૂટ રહેશે. જ્યારે 30મીએ નવલખીથી નીકળી દાંડિયાબજાર, રાજમહેલ રોડ, લાલબાગ, માંજલપુર અને જાંબુવા થઈને પોર તરફ પદયાત્રા આગળ વધશે. આ સમગ્ર રૂટ પર રોડની ડાબી બાજુનો ટ્રેક પદયાત્રીઓ માટે અનામત રખાયો છે, જ્યાં વાહનો પાર્ક કરવા પર કે પ્રવેશવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ખાસ કરીને અમદાવાદથી મુંબઈ તરફ જતા ભારે વાહનો માટે શહેરમાં પ્રવેશવા પર રોક લગાવી દેવાઈ છે. આ વાહનોએ હવે વાસદ ટોલનાકાથી ડાયવર્ઝન લઈ નવા ભારત માલા હાઈવેનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત સુરત જતી એસ.ટી. બસો પણ સેન્ટ્રલ ડેપોથી અટલ બ્રિજ અને સમલાયા થઈને ભારત માલા હાઈવે પર ડાયવર્ટ કરવામાં આવી છે. ટ્રાફિક જામની સમસ્યાથી બચવા નાગરિકોએ આ રૂટ અને સમયપત્રક ધ્યાને લેવું હિતાવહ છે.




## વડુમાં ટ્રાફિક નિયમ તોડતા વાહનચાલકો સામે પોલીસની લાલ આંખ

વડોદરા ગ્રામ્યના વડુ અને પાદરા પંથકમાં ટ્રાફિક નિયમો નેવે મૂકીને ફરતા વાહનચાલકો સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. વડુ ચોકડી જેવી વ્યસ્ત જગ્યાએ ટ્રાફિકને અડચણરૂપ થાય તેમ નો-પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્ક કરવા બદલ રિક્ષાચાલક અજીતભાઈ ચાવડા અને કિરણસિંહ પઢિયાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ, મુવાલ ચોકડી પાસે રાહદારીઓના જીવના જોખમે પૂરઝડપે બાઈક હંકારતા અશોકભાઈ ચાવડાને પણ પોલીસે ઝડપી પાડ્યા છે. વાહન પાર્કિંગ અને ડ્રાઈવિંગમાં બેદરકારી દાખવવા બદલ આ ત્રણેય ઈસમો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની તજવીજ હાથ ધરાઈ છે.

## કરજણ: ટ્રક રિપેર કરતા ચાલકનું અકસ્માતમાં કમકમાટીભર્યું મોત

વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે પર કરજણ નજીક એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. માંગલેજ ચોકડી પાસે પોતાની બંધ પડેલી આઈસર ટ્રક રિપેર કરી રહેલા યુવાન ડ્રાઈવર ગુલામતાજ નુરમહમ્મદનું કરુણ મોત નીપજ્યું છે.

પૂરઝડપે આવી રહેલા એક કન્ટેનર (MH-15-JC-2051) ના ચાલકે ઉભેલી ટ્રકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે આઈસર ટ્રક આગળ ધકેલાઈ હતી અને તેના જ ટાયર નીચે રિપેરીંગ કરતો ગુલામતાજ કચડાઈ ગયો હતો. ટાયર ફરી વળતા માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું.

## વડોદરા: લકુલેશ નગર પાસે રિક્ષાની ટક્કરે બાઈકચાલકને ફ્રેક્ચર

વડોદરાના લકુલેશ નગર કટ પાસે બેફામ રિક્ષા ચાલકે બાઈક સવારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો છે. સવારના સમયે પસાર થતા રાજુભાઈ રાઠવાના મોટરસાયકલને ઓટોરિક્ષા (GJ-06-AY-2164) ના ચાલકે ગફલતભરી રીતે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રાજુભાઈને જમણા હાથની છેલ્લી અને વચલી આંગળીમાં ફ્રેક્ચર થયું છે તેમજ આંખના ભાગે ઈજા પહોંચતા સારવાર લેવી પડી છે. અકસ્માત સર્જીને બેદરકારી દાખવનાર રિક્ષાચાલક સામે બાપોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.




## ભાયલીમાં સીસીટીવી વગર ધમધમતી ત્રણ દુકાનો સામે કાર્યવાહી

વડોદરાના ભાયલી વિસ્તારમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને પોલીસે કડક વલણ અપનાવ્યું છે. નવરચના યુનિવર્સિટી સામે આવેલા કોમ્પ્લેક્સમાં જાહેરનામાનો ભંગ કરી સીસીટીવી કેમેરા ન લગાવતા ત્રણ વેપારીઓ સામે તાલુકા પોલીસે દંડાત્મક કાર્યવાહી કરી છે.

શહેરમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કલેક્ટરે હાઈ-ડેફિનેશન (IR) કેમેરા લગાવવા આદેશ કર્યો છે. તેમ છતાં, 'શ્રીજી સ્નેક્સ', 'માં ખોડીયાર એન્ટરપ્રાઈઝ' અને 'સાંઈ ખુશી ચાટ ભંડાર'માં તપાસ કરતા ત્યાં કેમેરાનો અભાવ જોવા મળ્યો હતો. સુરક્ષામાં ગંભીર બેદરકારી દાખવનાર હાર્દિક પ્રજાપતિ, કરમશી રબારી અને જગદીશ લાલવાણી સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની તજવીજ હાથ ધરી છે.



## વડોદરામાં ડ્રગ્સ ઘુસાડનાર સુરતનો મુખ્ય સપ્લાયર ઝડપાયો

વડોદરા શહેરને ડ્રગ્સના રવાડે ચઢાવતા પેડલરો સામે શહેર પોલીસે લાલ આંખ કરી છે. હુજરાત ટેકરામાંથી ઝડપાયેલા ડ્રગ્સના કેસના તાર હવે સુરત સુધી પહોંચ્યા છે. વડોદરા પોલીસે સુરત ક્રાઈમ બ્રાન્ચની મદદથી એક સફળ સંયુક્ત ઓપરેશન પાર પાડીને વડોદરામાં ડ્રગ્સ મોકલનાર મુખ્ય સપ્લાયરને તેના ઘરેથી દબોચી લીધો છે.

ઘટનાની વિગત એવી છે કે, એક દિવસ પહેલા જ સિટી પોલીસે હુજરાત ટેકરા વિસ્તારમાં શેરઅલી બાવાની દરગાહ પાસેથી સાહિદ ઉર્ફે ભુરિયા શેખને એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજૂર કરતા પોલીસે આકરી પૂછપરછ હાથ ધરી હતી. જેમાં સાહિદે વટાણા વેરી નાખ્યા હતા કે તે આ નશાયુક્ત પદાર્થ સુરતના અમરોલીમાં રહેતા સાજીદ પટેલ પાસેથી લાવ્યો હતો. આ માહિતીના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને સિટી પોલીસની ટીમ તાત્કાલિક સુરત દોડી ગઈ હતી. ત્યાં સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ સાથે મળીને કોસાડ આવાસમાં દરોડો પાડી સાજીદ ઉર્ફે ચીનો પટેલને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો સાજીદ રીઢો ગુનેગાર છે અને સુરતમાં હથિયારબંધી તેમજ જુગાર સહિતના પાંચ ગુનાઓમાં પોલીસ ચોપડે ચઢી ચૂક્યો છે. હાલ તેને વડોદરા લાવી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઈ

**વડોદરાના હુજરાત ટેકરા ડ્રગ્સ કેસમાં સુરતથી મુખ્ય સપ્લાયર સાજીદ પટેલ ઝડપાયો. ક્રાઈમ બ્રાન્ચનું સફળ ઓપરેશન. જાણો વિગત.**





**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## વડોદરા સિટી બસ: લટકીને જીવલેણ મુસાફરી કરતા લોકો

વડોદરા શહેરમાં સિટિ બસના નામે મુસાફરોના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. પીક અવર્સમાં અપૂરતી બસો અને કોન્ટ્રાક્ટરોની લાલચને કારણે મુસાફરો બસના ફૂટબોર્ડ પર અને બારીઓ પર લટકીને મુસાફરી કરવા મજબૂર બન્યા છે. એક તરફ તંત્ર રોડ સેફ્ટી સપ્તાહ ઉજવે છે, અને બીજી તરફ પોતાની જ બસોમાં નિયમોના ધજાગરા ઉડે છે. બસમાં લટકીને જતા આ વિદ્યાર્થીઓ કે નોકરિયાતો જો અકસ્માતનો ભોગ બને તો જવાબદારી કોણ લેશે? પાલિકા કે બસ સંચાલક? લોકોમાં રોષ છે કે તંત્ર ઘોર નિદ્રામાં છે. ટ્રાફિક પોલીસ પણ ખાનગી વાહનોને દંડ કરે છે, પરંતુ આ મોતની સવારી સમાન બસો સામે આંખ આડા કાન કરે છે. શું કોઈ મોટી દુર્ઘટના સર્જાય પછી જ અધિકારીઓ જાગશે? શહેરીજનોની માંગ છે કે બસોની ફ્રિકવન્સી વધારવામાં આવે અને ઓવરલોડિંગ બંધ કરાવી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

## ગડકરીએ 20 હજાર કરોડ આપ્યા પણ રાજકોટ હાઈવે ભુલાયો

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી હાઈવે સમીક્ષા બેઠકમાં ગુજરાત માટે રૂ. 20,000 કરોડના કામો મંજૂર કરવાની જાહેરાત કરાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ અને રાજકોટ-ગોંડલ હાઈવેના કામો ઝડપી કરવા રજૂઆત કરી હતી. ગડકરીએ પણ સ્પષ્ટ કર્યું છે કે નિષ્કાળજી દાખવનાર ઈજારદારો બ્લેકલિસ્ટ થશે. જોકે, આ મહત્વની બેઠકમાં 6-7 વર્ષથી ગોકળગાયની ગતિએ ચાલતા રાજકોટ-અમદાવાદ સિક્સ લેન પ્રોજેક્ટ અંગે કોઈ જ ચર્ચા ન થતા અનેક સવાલો ઉભા થયા છે.



## વડોદરા: ધરોહર બચાવવા કોંગ્રેસની હેરિટેજ માર્ચ

**વડોદરામાં ઐતિહાસિક ઈમારતોની જાળવણી મુદ્દે કોંગ્રેસે હેરિટેજ માર્ચ યોજી. 30 વર્ષના ભાજપ શાસન સામે સવાલો ઉઠાવ્યા.**

વડોદરા શહેરની ઐતિહાસિક શાન ગણાતી ઈમારતોના અસ્તિત્વ માટે વડોદરા કોંગ્રેસ મેદાનમાં આવી છે. ગત રાત્રે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા માંડવી દરવાજાથી ભગતસિંહ ચોક (ન્યાયમંદિર) સુધી એક વિશેષ 'હેરિટેજ માર્ચ' યોજવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, છેલ્લા 30 વર્ષથી પાલિકામાં શાસન કરતી ભાજપ સરકાર શહેરનું હેરિટેજ સાચવવામાં ઉણી ઉતરી છે. માંડવી, ન્યાયમંદિર અને લહેરીપુરા જેવા સ્થાપત્યો આજે જાળવણી માંગે છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડે અખંડ ભારતના નિર્માણ માટે સરદાર પટેલને જે વડોદરા સોંપ્યું હતું, તે આજે તેની રોનક ગુમાવી રહ્યું છે. આ માર્ચનો મુખ્ય ઉદ્દેશ્ય શાસકોને



નિદ્રામાંથી જગાડવાનો અને લોકોને જાગૃત કરવાનો હતો. અંતમાં આગેવાનોએ સંકલ્પ લીધો હતો કે તેઓ ગાયકવાડી શાસનની ધરોહરોનું રક્ષણ કરશે અને વડોદરાને શ્રેષ્ઠ મહાનગર બનાવવા પ્રયત્નશીલ રહેશે.

## રાજકોટ બાલભવનમાં બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

બાલભવન રાજકોટ દ્વારા બાળકોના શારીરિક અને માનસિક વિકાસને વેગ આપવા માટે દર વર્ષે રમતગમત સ્પર્ધા યોજાય છે. આ વર્ષે 15 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર, 2025 દરમિયાન 5થી 16 વર્ષના બાળકો માટે આ ઉત્સવ યોજાશે. જેમાં ભાગ લેવા માટેની પ્રક્રિયા 1 ડિસેમ્બરથી શરૂ થઈ રહી છે. વાલીઓ અને શાળાઓ 13 ડિસેમ્બર સુધી રવિવાર સિવાયના દિવસોમાં સવારે 11 થી 1 અને સાંજે 5 થી 7:30 દરમિયાન ફોર્મ ભરી શકશે.




સ્પર્ધાઓના ટાઈમટેબલની વાત કરીએ તો, નાના ભૂલકાઓ એટલે કે ધોરણ HKG થી 2 માટે 15મી ડિસેમ્બરે સંગીત ખુરશી અને 16મીએ લીંબુ ચમચી સ્પર્ધા યોજાશે. ધોરણ 3 અને 4ના બાળકો માટે 17મીએ બેલેન્સ રેસ અને 18મીએ દેડકા દોડ યોજાશે. ધોરણ 5 થી 7 માટે 19મીએ પોટેટો રેસ અને 20મીએ 40 મીટર દોડનું આયોજન છે. જ્યારે ધોરણ 8 થી 10ના વિદ્યાર્થીઓ માટે 21મીએ લંગડી અને 22મીએ સ્લો સાયકલિંગ યોજાશે. આ તમામ સ્પર્ધાઓ સવારે 8:30 વાગ્યે શરૂ થશે. આ ઉપરાંત 18 થી 21 ડિસેમ્બર દરમિયાન સાંજના સમયે અન્ય વિશેષ ટુર્નામેન્ટ્સ પણ યોજાશે. રાજકોટની શાળાઓએ વિદ્યાર્થીઓના લિસ્ટ તૈયાર કરી મોકલવાના રહેશે, જ્યારે વ્યક્તિગત રીતે પણ બાળકો ફોર્મ ભરી શકશે. શિયાળાની ગુલાબી ઠંડીમાં બાળકો માટે આ રમતોત્સવ યાદગાર બની રહેશે.

## રાજકોટ સિવિલ: ઈમરજન્સીમાં તબીબ ઊંઘતા ઝડપાયા

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર પોતાની ગંભીર બેદરકારીને કારણે વિવાદના વંટોળમાં સપડાઈ છે. અવારનવાર વિવાદોમાં રહેતી આ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડનો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં ફરજ પરના એક તબીબ ઘસઘસાટ ઊંઘતા કેમેરામાં કેદ થયા છે. દર્દીઓ સારવાર માટે ટળવળતા હોય છે ત્યારે ધરતીના ભગવાન ગણાતા ડોક્ટરોની આ નિદ્રાધીન અવસ્થાએ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, એક દર્દી સારવાર માટે ઈમરજન્સી વોર્ડમાં પહોંચ્યા હતા અને અંદાજે અડધો કલાક સુધી રાહ જોવા છતાં દાખલ કરવા અંગે કોઈ નિર્ણય લેવાયો ન હતો. આ દરમિયાન દર્દીના સ્વજનોનું ધ્યાન ગયું તો ત્યાં હાજર એક રેસિડેન્ટ ડોક્ટર ટેબલ પર માથું ટેકવીને નિરાંતે ઊંઘી રહ્યા હતા, જ્યારે બાજુમાં બીજા એક ડોક્ટર કામ કરતા નજરે પડ્યા હતા. આ સમગ્ર દ્રશ્ય મોબાઈલ કેમેરામાં કેદ થતા હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

નોંધનીય છે કે સિવિલમાં ડોક્ટરો ઊંઘતા ઝડપાયા હોય તેવી આ પહેલી ઘટના નથી. વાયરલ વીડિયો અંગે સિવિલના આરએમઓ ડો. હર્ષદ દુસરાએ જણાવ્યું હતું કે, આ મામલે તપાસના આદેશ અપાયા છે અને સંબંધિત ડોક્ટર પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. ખુલાસો આવ્યા બાદ યોગ્ય વહીવટી પગલાં લેવામાં આવશે. જોકે, વારંવાર બનતી આવી ઘટનાઓ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે ચિંતાનો વિષય બની છે.



## વડોદરામાં દારૂબંધી ભંગ: 9.74 લાખનો મુદ્દામાલ, 36 ઝડપાયા

વડોદરા શહેરમાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ સતત સક્રિય બની છે. ગત 27મી નવેમ્બરે શહેરમાં સપાટો બોલાવતા અલગ-અલગ વિસ્તારોમાં દરોડા પાડીને પ્રોહીબિશનના કુલ 40 કેસ નોંધવામાં આવ્યા છે. આ વ્યાપક કાર્યવાહી દરમિયાન પોલીસે 173 વિદેશી દારૂની બોટલો, 629 બિયર અને દેશી દારૂના જથ્થા સાથે એક કાર પણ કબજે કરી છે. પોલીસે રેડ દરમિયાન કુલ 9.74 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દારૂની હેરાફેરી કરતા અને નશો કરેલી હાલતમાં ફરતા 24 પીધેલા સહિત કુલ 36 ઈસમોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એક જ દિવસમાં નોંધાયેલા આટલા કેસો બુટલેગરો પરની પોલીસની કડક ભીંસ સૂચવે છે.

## વડોદરા: પૈસાની લેતીદેતીમાં માંજલપુરમાં યુવક પર જીવલેણ હુમલો

વડોદરાના માંજલપુર વિસ્તારમાં પૈસાની લેતીદેતીની જૂની અદાવતમાં લોહિયાળ જંગ ખેલાયો છે. શામળનગરમાં રહેતા ધવલ સાળુંકે પર ત્રણ શખ્સોએ હુમલો કરી પીઠમાં ખંજરના ઘા ઝીંકી દેતા ચકચાર મચી છે. ઘટનાની વિગત મુજબ, એક વર્ષ પહેલાના પૈસાના વ્યવહારના મનદુઃખમાં આરોપી સુમિત માળી અને કરણ રાઠવા સહિત ત્રણ શખ્સોએ ધવલ સાથે ઝઘડો કર્યો હતો. ઉગ્ર બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા કરણ રાઠવાએ ધવલને પીઠના ભાગે ખંજર મારી દેતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખસેડાયો છે. આ મામલે માંજલપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## છાણી: કચરો નાખવાના મુદ્દે યુવક પર જીવલેણ હુમલો

વડોદરાના છાણી ગામમાં કચરો નાખવા જેવી સામાન્ય બાબતે લોહી રેડાયું છે. સવારે થયેલી સામાન્ય બોલાચાલીની અદાવત રાખીને રાત્રે માળી મહોલ્લામાં રહેતા યોગેશભાઈ માળી પર ચાર શખ્સોએ હિચકારો હુમલો કર્યો હતો.સતિષ માળી સહિતના આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને યોગેશભાઈના કપાળે સિમેન્ટનો બ્લોક ઝીંકી દીધો હતો. એટલું જ નહીં, માથાના પાછળના ભાગે ચપ્પુના ઘા મારતા તેમને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયા છે. કચરા જેવી શુલ્ક બાબતે પાડોશીઓ વચ્ચે થયેલી આ જીવલેણ મારામારીને પગલે છાણી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા: બેગની ચેન ખોલી 3.25 લાખના દાગીનાની ચોરી

વડોદરાના હરણી વિસ્તારમાં નજર ચૂકવીને ચોરી કરતી ગેંગ સક્રિય હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ખોડીયાર નગરના ક્રિષ્ના પેરેડાઈઝમાં રહેતા નારાયણદાસ માધવાનીની બેગમાંથી લાખોની મત્તા ચોરાઈ ગઈ છે.ગત 26મીએ બપોરના સુમારે કોઈ ગઠિયાએ સિફતપૂર્વક નારાયણદાસની બેગની ચેન ખોલી નાખી હતી. અંદર મુકેલો અઢી લાખનો સોનાનો હાર અને 75 હજારની વીંટી મળી કુલ રૂ. 3.25 લાખના દાગીના સેરવી લઈ ચોર ફરાર થઈ ગયો હતો. ભીડભાડ કે અન્ય કોઈ રીતે નજર ચૂકવીને થયેલી આ તફડંચી અંગે હરણી પોલીસે તપાસ શરૂ કરી છે.

## વડોદરા: 140નું બિલ ન ચૂકવવા દંપતી બન્યું PSI

વડોદરામાં મફતનું ખાવા માટે પોલીસના નામે રોફ જમાવવો એક દંપતીને ભારે પડ્યો છે. બાપોદ વિસ્તારમાં માત્ર 140 રૂપિયાનું ચાઈનીઝ ખાધા બાદ બિલ ચૂકવવાના બદલે પોતાને પીએસઆઈ (PSI) ગણાવનાર બકુલ હરિજન અને રશ્મિબેન સામે ફરિયાદ નોંધાઈ છે. એ-વન ચાઈનીઝ પર નાસ્તો કર્યા બાદ જ્યારે સંચાલકે પૈસા માંગ્યા, ત્યારે દંપતીએ 'હું પોલીસ સબ ઈન્સ્પેક્ટર છું' કહીને ધમકાવવાનું શરૂ કર્યું હતું. જોકે, ખરેખર પોલીસ ન હોવા છતાં ખોટી ઓળખ આપી કાયદાનો ડર બતાવતા અને બિલ ચૂકવવામાં આનાકાની કરતા આ દંપતીનો ભાંડો ફૂટી ગયો હતો. આખરે 140 રૂપિયા માટે ખોટી ઓળખ આપવી મોંઘી પડી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## અંબાલાલ પટેલની આગાહી: ડિસેમ્બરમાં ફરી માવઠાનું સંકટ

ગુજરાતના હવામાનમાં ફરી પલટો આવવાની શક્યતા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે અરબ સાગરના ભેજને કારણે 6થી 10 ડિસેમ્બર દરમિયાન ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જ્યારે 18 ડિસેમ્બરની આસપાસ રાજ્યના પર્વતીય વિસ્તારોમાં માવઠું પડી શકે છે. અગાઉના નુકસાનમાંથી હજુ ખેડૂતો બહાર નથી આવ્યા ત્યાં ફરી વરસાદની ભીતિએ ચિંતા વધારી છે. અંબાલાલના જણાવ્યા મુજબ, ડિસેમ્બરના ત્રીજા સપ્તાહથી ઠંડી વધશે અને જાન્યુઆરીમાં ઠંડા પવનો ફૂંકાશે.



## SVS કલા ઉત્સવમાં નવાવાસની ડી.ડી. ચોક્સી વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળક્યા

દાંતા તાલુકાના ગોળા મુકામે તાજેતરમાં SVS કક્ષાનો 'કલા ઉત્સવ ૨૦૨૫' યોજાયો હતો. આ ઉત્સવમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, પરંતુ નવાવાસની ડી.ડી. ચોક્સી વિદ્યાલયના વિદ્યાર્થીઓ છવાઈ ગયા હતા. અહીંના વિદ્યાર્થીઓએ પીંછી અને શબ્દોના માધ્યમથી પોતાની કલા રજૂ કરી હતી. પરિણામોની વિગતે વાત કરીએ તો, માધ્યમિક વિભાગમાં સુથાર ગર્વ એમ.એ ચિત્ર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક સાથે 500 રૂપિયાનું ઈનામ મેળવ્યું છે. જ્યારે પ્રજાપતિ ગાયત્રીબેન ડી.એ બાળ કવિ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક સાથે 300 રૂપિયાનું ઈનામ મેળવ્યું છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પણ વિદ્યાર્થીનીઓએ બાજી મારી હતી. લુહાર સુહાનાબેન બી.એ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ રહી 500 રૂપિયાનું ઈનામ અને માણસીયા માહીનબેન આર.એ બાળ કવિ સ્પર્ધામાં બીજો નંબર મેળવી 300 રૂપિયાનું ઈનામ પ્રાપ્ત કર્યું



છે. કોઈપણ સ્પર્ધામાં વિદ્યાર્થીની સફળતા પાછળ ગુરુનું માર્ગદર્શન હોય છે. આ વિદ્યાર્થીઓને તૈયાર કરનાર શિક્ષક શ્રીઓની મહેનત પણ આ પરિણામમાં દેખાઈ રહી છે. આ ગૌરવવંતી સિદ્ધિ બદલ શાળા પરિવારે તમામ વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ આ શાળાના વિદ્યાર્થીઓ સતત આગળ વધી રહ્યા છે.

**અહેવાલ: વિષ્ણુ ઠાકોર**

## રાજકોટ: 50થી વધુ ઈ-મેમો બાકી હશે તો વાહન થશે જપ્ત



રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈસ્યુ થયેલા ઈ-મેમો ભરવામાં આળસ કરનારા વાહનચાલકો સામે હવે તંત્રએ લાલ આંખ કરી છે. અત્યાર સુધી હજારો ઈ-મેમો ઇશ્યુ થયા હોવા છતાં વાહનચાલકો દ્વારા દંડ ન ભરાતા હવે તંત્ર દ્વારા કડક વસૂલાતની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. નવા આદેશ મુજબ, જે વાહનચાલકોના 50થી વધુ ટ્રાફિક ઈ-મેમો પેન્ડિંગ છે, તેમના વાહનો હવે સીધા જ ડીટેઈન (જપ્ત) કરી લેવાનો નિર્ણય લેવાયો છે. માત્ર રાજકોટ શહેરની જ વાત કરીએ તો, આશરે 300 જેટલા વાહનચાલકો આ 'બ્લેકલિસ્ટ'માં છે, જેમણે અનેક નોટિસ મળવા છતાં હજારો રૂપિયાનો દંડ ભર્યો નથી. રાજ્ય પોલીસવડાની સ્પષ્ટ સૂચના બાદ ટ્રાફિક બ્રાન્ચ હવે એક્શન મોડમાં આવી છે. આ કાર્યવાહી માટે હવે માત્ર નોટિસ આપીને સંતોષ માનવાને બદલે અદાલતી મંજૂરી સાથે વાહન જપ્તીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટેની કાયદાકીય પ્રક્રિયાના ચક્રો ગતિમાન કરી દેવામાં આવ્યા છે. કોર્ટની મંજૂરી મળતાની સાથે જ લિસ્ટમાં સામેલ વાહનો રસ્તા પર દેખાશે તો તેને તુરંત જપ્ત કરી લેવાશે. ટ્રાફિક દંડની વસૂલાત માટે લેવાયેલા આ આકરા નિર્ણયથી વારંવાર નિયમભંગ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. જો તમારો દંડ પણ બાકી હોય તો કોઈપણ કાર્યવાહીથી બચવા સત્વરે ભરી દેવો હિતાવહ છે.

## પાલિતાણા પોલીસ સ્ટેશનમાં જૈન યાત્રિકે દવા પી જીવન ટૂંકાવ્યું

પવિત્ર યાત્રાધામ પાલિતાણા લોહિયાળ બન્યું હોય તેવી એક દુઃખદ ઘટના સામે આવી છે. શેત્રુંજય ગિરિરાજની યાત્રા માટે આવેલા આધેડ વયના જૈન યાત્રિક યોગેશભાઈએ પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં જ ઝેરી દવા પીને આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, મૃતક યોગેશભાઈને કોઈક કેસ અથવા પૂછપરછના સંદર્ભે પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા અથવા બોલાવવામાં આવ્યા હતા. જ્યાં કાર્યવાહી દરમિયાન જ તેમણે પોતાની પાસે રહેલી દવા પી લીધી હતી. પોલીસ કસ્ટડી જેવી સ્થિતિમાં જ આ પ્રકારની ઘટના બનતા અનેક સવાલો ઉભા થયા છે. ગંભીર હાલતમાં તેમને સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો ન હતો. આ ઘટના બાદ તેમના મૃતદેહને ભાવનગર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. એક તરફ પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે, તો બીજી તરફ પોલીસ સ્ટેશનમાં જ યાત્રિકના મોતથી જૈન સમાજમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## જન્મના દાખલામાં હવે માતાનું નામ રાખી શકાશે: નવા નિયમો

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે જન્મ-મરણના દાખલામાં મહત્વના ફેરફાર કરતી એડવાઈઝરી જાહેર કરી છે. નવા નિયમ મુજબ, જો છૂટાછેડા બાદ બાળકની કસ્ટડી માતા પાસે હોય તો, બાળકના નામ પાછળ હવે માતાનું નામ અને અટક લગાવી શકાશે. જોકે, જૈવિક પિતાનું નામ કોલમમાં યથાવત રહેશે. સૌથી મોટી રાહત એ છે કે હવે જન્મ-મરણ નોંધમાં એકથી વધુ વખત સુધારો કરી શકાશે. મરણના દાખલામાં પણ પિતા/પતિનું નામ લખવું મરજિયાત કરાયું છે. રાજકોટ સહિત રાજ્યભરમાં આનો તાત્કાલિક અમલ શરૂ થશે.

## ઝૂઝારપુરમાં ચારિયા પરિવારનું ભવ્ય સ્નેહમિલન યોજાયું

જૂનાગઢ જિલ્લાના માળિયા (હા) પંથકના ઝૂઝારપુર ગામે ખોડિયાર માતાજીના સાનિધ્યમાં ચારિયા પરિવારનું વાર્ષિક સ્નેહમિલન ભારે ઉલ્લાસ સાથે યોજાયું હતું. "પરિશ્રમ, પ્રતિભા અને પ્રગતિનો ઉત્સવ" થીમ પર આધારિત આ કાર્યક્રમમાં રાજ્યભરમાં વસતા ચારિયા પરિવારો ઉમટી પડ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત હવનથી થઈ હતી. ત્યારબાદ યોજાયેલા સન્માન સમારોહમાં 65થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. સિંગર વિજયાબેન ભાદરકા અને કિશન પરમારે ગરબાની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અરજણભાઈ ચારિયા અને પ્રાસંગિક ઉદ્‌બોધન પ્રમુખ મેરામણભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરપંચ રમેશભાઈ સેવરા, કરશનભાઈ વાસણ અને ભરતભાઈ ચુડાસમા સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન રામભાઈ, ગોવિંદભાઈ અને ભરતભાઈ ચારિયાએ કર્યું હતું. અંતે કુકસવાડાના યુવાનો દ્વારા તૈયાર કરાયેલ મહાપ્રસાદ સૌએ ગ્રહણ કર્યો હતો.

**રિપોર્ટર: હર્ષ ભરડા, કેશોદ**




## મનપા કચેરીએ પાર્કિંગની સમસ્યા વકરી, અરજદારો પરેશાન

કોર્પોરેશન દ્વારા વહીવટી સરળતા માટે અનેક સેવાઓનું વિકેન્દ્રીકરણ કરી વોર્ડ ઓફિસે સત્તા આપવામાં આવી છે. તેમ છતાં, જાગૃતિના અભાવે કે આદતવશ, લોકોનો પ્રવાહ હજુ પણ સેન્ટ્રલ ઝોન તરફ જ વહે છે. ખાસ કરીને જન્મ-મરણના દાખલામાં આવેલા નવા સુધારા અને આધાર કાર્ડની મર્યાદિત કામગીરી માટે અહીં કાયમી ભીડ રહે છે.

આજે સવારથી જ સિવિક સેન્ટર પર અરજદારોની ભીડ ઉમટી હતી. જેના કારણે પાછળના ભાગે આવેલું પાર્કિંગ સંપૂર્ણ ભરાઈ ગયું હતું. સ્થિતિ એવી હતી કે સ્કૂટર પાર્ક કરવાની તો દૂર, ઉભું રાખવાની પણ જગ્યા નહોતી. જે લોકોએ વાહન પાર્ક કર્યા હતા, તેઓ કામ પતાવીને પરત ફર્યા ત્યારે વાહન બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. વળી, વર્ષોથી કચેરીનો પાછળનો ગેટ બંધ રખાતા ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા વધુ જટિલ બની છે.

લોકોમાં એવી ચર્ચા છે કે, મનપા સામાન્ય નાગરિકોના બિલ્ડિંગ પ્લાનમાં પાર્કિંગની જગ્યા છે કે નહીં તે કડકાઈથી તપાસે છે. પરંતુ આ દ્રશ્યો સાબિત કરે છે કે કોર્પોરેશને હવે પોતાની જ કચેરીમાં સુવિધા વધારવા વિશે ગંભીરતાથી વિચારવું પડશે. જ્યાં સુધી પાર્કિંગની સમસ્યા નહીં ઉકેલાય ત્યાં સુધી અરજદારોની હાલાકી ચાલુ જ રહેશે.